# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા શાખા દ્વારા તાલીમના વર્ગો શરૂ કરાયા



ધનસુરા, તા. ૧૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા શાખા ધ્વારા તાલીમના વર્ગો શરૂ કરાયા હતા. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ધનસુરા દ્વારા ભરતભાઈ પરમાર ચેરમેન અરવલ્લી જિલ્લાના સાનિધ્ય હેઠળ ફર્સ્ટ એડ ના તાલીમ વર્ગોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગ્રામ પંચાયત સરપંચ શ્રી હેમલત્તાબેન પટેલ, ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ, ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈપટેલ ,તાલુકા રેડ ક્રોસના ચેરમેન મનસુખભાઈ ભગત, વા.ચેરમેન ગોવિંદભાઈ પટેલ, મંત્રી ભરતભાઈ હુંમર અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને કંકુ તિલક અને બેન્ડવાજા સાથે તેમજ તિરંગા ઝંડા સાથે સૌની ઉપસ્થિતિમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ધનસુરા તાલુકા શાખા ની નવી કારોબારી કમિટી અને હોદ્દેદારો ની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં ચેરમેનશ્રી મનસુખભાઈ ડી ભગત,વાઈસ ચેરમેનશ્રી ગોવિંદભાઈ એસ પટેલ,મંત્રી ભરતભાઈ એચ હુંમર,ખજાનચી નવીનભાઈ આર દરજી, અને કારોબારી સભ્યો તરીકે હસમુખભાઈ એમ પટેલ,જય મહેન્દ્રભાઈ દાણી,આચાર્ય જગદીશભાઈ એન,સતીષભાઈ એમ રાઠોડ,પટેલ નટવરભાઈ જે,પ્રવિણચંદ્ર એસ સોનેરી, ભરતભાઈ એન પટેલ,પિયુષભાઈ આર શાહ ની નિમણૂક કરવામાં આવી હતી.

# પાલનપુર ખાતે ધારાસભ્ય અનિકેત ઠાકરના અધ્યક્ષસ્થાને ‘મારી માટી- મારો દેશ’ કાર્યક્રમ યોજાયો

## ગવર્મેન્ટ હાઇસ્કુલમાં ધ્વજ વંદન અને વૃક્ષારોપણ : ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ એ ૭૫ વર્ષના આપણા ગૌરવપૂર્ણ ઇતિહાસને ફરીથી ઉજાગર કરવાનો અવસર છે : ધારાસભ્ય અનિકેત ઠાકર

પાલનપુર તા.૧૪

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત બનાસકાંઠા જિલ્લામાં તા. ૯ મી ઓગષ્ટથી ''મારી માટી- મારો દેશ, માટીને નમન, વીરોને વંદન" કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત પાલનપુર નગરપાલિકા દ્વારા કુંવરબા સ્કુલની બાજુમાં આવેલ ત્રિકોણ બગીચામાં ધારાસભ્ય અનિકેત ઠાકરના અધ્યક્ષસ્થાને તથા કલેક્ટર વરૂણકુમાર બરનવાલની ઉપસ્થિતિમાં ''મારી માટી- મારો દેશ'' કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ અંગ્રેજોના સમયમાં ઈ.સ. ૧૮૪૦માં સ્થપાયેલી પાલનપુર શહેરની સૌથી જુની ગવર્મેન્ટ હાઈસ્કુલમાં ધારાસભ્ય અને કલેક્ટરીએ વૃક્ષારોપણ કરી ધ્વજ વંદન કરાવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી





પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ધારાસભ્યશ્રી અનિકેત ઠાકર એ દેશની રક્ષા માટે બલિદાન આપનારા શહીદો અને આપણા પર સ્નેહ વરસાવતી માતૃભૂમિને વંદન કરતા જણાવ્યું કે, આપણા દેશની આઝાદી માટે શહીદ થયેલા શહીદવીરોને યાદ કરવાનો અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી રાષ્ટ્ર માટે કંઈક કરી છુટવાનો આ અવસર છે. આજે સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે ત્યારે ૭૫ વર્ષના આપણા ગૌરવપૂર્ણ ઈતિહાસને ફરીથી ઉજાગર કરવાનો અવસર આવ્યો છે. આજે ગામે ગામ શહીદોની શિલાફલકમનું અનાવરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે શહીદોના પરિવારજનો અને ગામલોકો પણ શહીદો માટે ગૌરવ અનુભવે છે કે અમારા ગામનું પણ આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન છે. તેમણે કહ્યું કે, દેશના રક્ષણ માટે શહીદ થયેલા શહીદવીરોને યાદ કરીને તેમને શ્રધ્ધાજંલિ અર્પણ કરીએ તથા વર્ષ- ૨૦૪૭માં ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના છે એ અવસરે ભારત વિશ્વગુરૂ બને તે દિશામાં પ્રયાસો કરી દેશની એકતા અને અખંડિતા મજબુત બનાવીએ. આ પ્રસંગે પાલનપુર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કિરણ દેવેન્દ્ર કુમાર રાવલ, પ્રાંત અધિકારી પી. સી. દવે, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી રૂડાભાઈ રબારી, અગ્રણીઓ સર્વ દિનેશભાઈ પટેલ, ચિમનભાઈ સોલંકી સહિત નગરપાલિકાના સદસ્યઓ, નગરજનો અને ગવર્મેન્ટ હાઈસ્કુલના આચાર્ય, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







સંગીની ફોરમ તલોદ દ્વારા ૭૭ મા સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી. તેમાં સંગીની ફોરમની બહેનો દ્વારા ફ્લેગ હોસ્ટિંગ રાષ્ટ્રગીત નું ગાન અને ટ્રેડિશનલ લુક સાથે ટ્રેડિશનલ ડાન્સ નો પ્રોગ્રામ કરવામાં આવ્યો . આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તલોદ મહિલા મોરચાના પ્રમુખ રચનાબેન ગાંધી ઉપસ્થિત રહ્યા હતા .અને તલોદ જૈન સૌશિયલ ગ્રુપ ના પ્રમુખ પ્રણવભાઈ શાહ ઈન્ટર નેશનલ ડિરેક્ટર પીનકિનભાઈ શાહ તથા મેમ્બર સીપ ગ્રોથ ડાયરેક્ટર હેતલભાઈ શાહ હાજર રહ્યા હતા

# ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સી.ડી. પટેલ હાઇસ્કુલ,તલોદ દ્વારા ઇનામ વિતરણ સમારંભ યોજાયો





તલોદ, તા. ૧૪

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ શ્રી સી. ડી. પટેલ હાઈસ્કુલ તલોદ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ હોટલ બહુચર ખાતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જાણીતા બિલ્ડર મણીભાઈ એમ પટેલ હાજર રહ્યા હતા મંડળના પ્રમુખ દેવજીભાઈ પટેલ મંત્રી સતિષભાઈ જોશી ઉપપ્રમુખ અશોકભાઈ એસ મિસ્ત્રી ઉપપ્રમુખ જગદીશભાઈ એસ પટેલ સહમંત્રી પંકજભાઈ ખમાર સહમંત્રી નિપાબેન પંડ્યા તથા અન્ય કારોબારી સભ્યોએ હાજર રહ્યા હતા મંડળના આદ્ય સ્થાપક પ્રોફેસર આર એલ.પટેલ સાહેબ સમારંભના અધ્યક્ષ પ્રમુખ દેવજીભાઈ પટેલ મંત્રી સતિષભાઈ કે જોશી એ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા પ્રમુખ દેવજીભાઈ પટેલે મંડળના ૬૦ વર્ષની ઉજવણી ની માહિતી આપી હતી તેજસ્વી તારલાઓનેશીલ્ડ સર્ટીફીકેટ અનેભેટ અને તેજસ્વી તારલાઓના વાલીને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા સી ડી પટેલ હાઈસ્કુલના ભૂતપૂર્વશિક્ષક શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન તલોદના જાણીતા એંકર નિલેશ શાસ્ત્રીએ પોતાની આગવી શૈલી માં કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

# મોડાસામાં રાષ્ટ્રપ્રેમ છલકાયો : મોડાસાના મુખ્યમાર્ગ પર ત્રિરંગા યાત્રામાં ભારત માતા કી જયના નાદથી ગુંજી ઉઠ્યા





મોડાસા, તા. ૧૪

મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મોડાસા શહેરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન મોડાસા હાઈસ્કૂલથી ચાર રસ્તા થઈ કોલેજ કેમ્પસ સુધી કરવામાં આવ્યું હતું તિરંગા યાત્રાનું અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર,જીલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિક અને જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલે ફ્લેગ ઓફ કરાવ્યું હતું જેમાં જીલ્લા વહીવટી તંત્ર, પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ વિવિધ સંસ્થાઓ, સંગઠનો,સ્વયંમ સેવક,શહેરીજનો સહીત અનેક લોકો મોટી સંખ્યામાં રાષ્ટ્ર ધ્વજ લઈને જોડાયા હતા ત્રિરંગા યાત્રાના પગલે શહેર દેશભક્તિના રંગે રંગાયું હતું. મોડાસા શહેરમાં વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ ત્રિરંગા રેલીમાં ભારત માતાકી જયના નારા ગુંજી ઉઠ્યા હતા ત્રિરંગા યાત્રાનું ચાર રસ્તા સહીત અન્ય સ્થળે સ્વાગત કરવામાં આવ્યું હતું ત્રિરંગા યાત્રાને રોડ પર ઉભેલા લોકોએ ત્રિરંગો લહેરાવી સ્વાગત કરતા નજરે પડતા હતા શહેરમાં સ્વયંભૂ ત્રિરંગા યાત્રામાં લોકો જોડાયા હતા ત્રિરંગા યાત્રાનું મોડાસા કોલેજ કેમ્પસમાં સમાપન થયું હતું ત્યાર બાદ કોલેજના ભામાશા હોલમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો પુર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો.

# પ્રાંતિજ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલી યોજાઈ



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૪ મી ઓગસ્ટ ના રોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા હરઘર તિરંગા અભિયાન અંતર્ગત વિશાળ તિરંગા રેલી યોજાઇ હતી જેમા તિરંગા સાથે હજારોની સંખ્યામા લોકો આપમેળે રેલીમા જોડાયા હતા અને તિરંગા ના રંગે રંગાયા હતા. પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રાંતિજ તાલુકા મંડલ તથા પ્રાંતિજ શહેર મંડલ દ્વારા દેશની આઝાદી ના અમૃત મહોત્સવ ની ઉજવણી ના ભાગરૂપે તિરંગા યાત્રાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ બાબાસાહેબ આંબેડકર ના બાવડા પાસેથી નીકળેલ વિશાળ તિરંગા રેલી પ્રાંતિજ ના વિવિધ માર્ગો બજાર સહિત વિસ્તારોમા થઈ ને પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ પંખીધર ખાતે પોહચી હતી જેમા તિરંગા રેલીમા હજારોની સંખ્યા મા લોકો આપ મેળે હાથમા તિરંગા લઈને જોડાયા હતા અને તિરંગાના રંગમા રખાયા રંગાયા હતા તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ભાજપ શહેર પ્રભારી વિજયભાઈ વણઝારા, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ , નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, અરવિંદભાઈ પરમાર, ગારીશભાઈ પટેલ, જીગ્નેશ ભાઈ પંડયા, પ્રાંતિજ મીડીયા સહ કન્વીનર સંજયભાઈ રાવલ , મનોજભાઈ મોદી , હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ , કુશવભાઈ બ્રહ્મભટ્ટ સહિત મહિલા મોરચા ના પ્રમુખ જીગજ્ઞાબેન સોની , ઉપપ્રમુખ પદમાબેન રાવલ , ઉપપ્રમુખ રિધ્ધીબેન ભટ્ટ , મંત્રી સોનલબેન દેસાઈ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો સહિત શાળાના વિદ્યાર્થીઓ સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ તથા પ્રાંતિજ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા તિરંગા રેલી નુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરમાં ‘ઈન્ડિયા સ્પેસ ટેકનોલોજી એન્ડ ચંદ્રયાન-૩’ ઉપર વ્યાખ્યાન



પાલનપુર તા.૧૪

બનાસકાંઠા ડિસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના ભૌતિક શાસ્ત્ર વિભાગ, એસ્ટ્રોનોમિકલ ક્લબ અને ગુજકોષ્ટ ગાંધીનગર પ્રેરિત લોકવિજ્ઞાન કેન્દ્ર, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૨ઓગસ્ટ ના રોજ ડો. વિક્રમ સારાભાઈના જન્મ જયંતી નિમિત્તે, ઈન્ડિયા સ્પેસવીક અંતર્ગત ’ઈન્ડિયા સ્પેસ ટેકનોલોજી એન્ડ ચંદ્રયાન-૩’ પર ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. આર.જે. પાઠક ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જેમાં ડો. પાઠકે ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનના ભૂતકાળથી શરૂ કરી વર્તમાન સુધીની ટેકનોલોજીના વિકાસ પર તેમજ તાજેતરમાં ચંદ્રયાન -૩ ની સ્થિતિ પર પ્રકાશ પાડેલ. આ કાર્યક્રમમા ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રીઓ પ્રો. ડી. એસ.ખીલારે, પ્રો. કે.પી. પટેલ તેમજ પ્રોગ્રામ કો- ઓર્ડીનેટર પ્રો. પી.વી. મોઢ હાજર રહેલ. કોલેજના વિદ્યાર્થીઓ કર્ણાવત કોલેજ, આદર્શ કોલેજ, ડી.ડી.ચોકસી બી.એડ.કોલેજ અને લોકનિકેતન કેન્દ્ર, રતનપુરના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો મળી કુલ ૬૩ લાભાર્થીઓ એ આ કાર્યક્રમ માં હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ્ટ્રોનોમિકલ ક્લબના સભ્યોએ કરેલું હતું અને માર્ગદર્શન પ્રિ. ડો. વાય.બી. ડબગરએ આપેલ હતું.

## અંગ્રેજો દેશ છોડોનું આંદોલન ચરમ સીમાએ હતું

# સાબરકાંઠાના પાલદઢવાવમાં આઝાદીની ચળવળમાં અંગ્રેજોએ ૧૨૦૦ આદિવાસીઓને ગોળીએ વિંધ્યા’તા

## જલિયાંવાલા બાગ કરતાં પણ ખોફનાક હત્યાકાંડ છતાં ઈતિહાસના પાને નોંધ નથી

બાયડ, તા.૧૪

આવતી કાલ મંગળવારે રાષ્ટ્રના ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાન સાથે ઉજવણી થવાની છે ત્યારે દેશમાં ઘૂસી આવેલા અંગ્રેજોને દેશની બહાર હાંકી કાઢવા માટે જનજનમાં દેશદાઝ જોવા મળી હતી ત્યારે સાબરકાંઠાના પાલદઢવાવ પાસેની હેર નદીના કિનારે આદિવાસીઓની સભા યોજાઈ હતી જેમાં અંગ્રેજોની ગુલામીને જડમૂડથી ઉખાડી ફેંકવાનું બ્યુગલ ફૂંકાયું ત્યારે અંગ્રેજ કર્નલે ફાયરનો હૂકમ કરી અંધાધૂંધ ગોળીઓ વરસાવતાં ૧૨૦૦ આદિવાસીઓએ આઝાદી માટે શહીદી વહોરી હતી. જો કે જલિયાવાલા બાગ કરતાં પણ ખોફનાક હત્યાકાંડ છતાં ઈતિહાસના પાને તેની યોગ્ય નોંધ લેવાઈ નથી.



છેલ્લા કેટલાક દિવસથી ક્વિટ ઈન્ડીયા શબ્દ બહું સાંભળવા મળી રહ્યો છે પરંતુ દેશમાં ઘૂસી આવેલા અંગ્રેજોને હાંકી કાઢવા માટે સમગ્ર દેશમાં એક જનઆંદોલન આકાર પામ્યું હતું. દેશની આઝાદીમાં આદિવાસી સમાજનો મહામૂલો ફાળો રહેલો છે. જાણવા મળ્યા મુજબ દેશમાંથી અંગ્રેજો દેશ છોડીને ચાલ્યા જાય તે માટે વિવિધ રાજ્યો અને પ્રાંતમાં ચળવળકારોએ પોતાનાથી બનતું બધું જ કરી રહ્યા હતા. રાજસ્થાનના ચળવળકાર મોતિલાલ તેજાવતની આગેવાનીમાં તા.૭ માર્ચ-૧૯૨૨ના રોજ પાલદઢવાવ પાસે આદિવાસી સભાનું આયોજન થયું જેમાં સ્વતંત્રતા માટે મોટી સંખ્યામાં વનવાસી પ્રજા ઉમટી અને પ્રાણની આહૂતિ આપતાં અચકાઈશું નહીં, અંગ્રેજોની ગુલામીને જળમૂડથી ઉખાડવાનું બ્યુગલ ફુંકી દેવામાં આવ્યું ત્યારે અંગ્રેજ સરકાર સામે આદિવાસી પ્રજાએ વિરોધ ઉઠાવતાં અંગ્રેજો ઉકળી ઉઠ્યા હતા. આદિવાસી પ્રજા અંગ્રેજોનો વિરોધ કરી રહ્યા છે તેવી અંગ્રેજ કર્નલ બટ્ટને માહિતી મળતાં પાલદઢવાવના સ્થળે પહોંચી ચળવળકારો ઉપર તૂટી પડવાના આદેશ આપ્યા અને હજારો આદિવાસીઓ ઉપર આડેધડ ગોળીબાર કરાતાં ૧૨૦૦થી વધુ આદિવાસીઓ શહીદ થઈ ગયા હતા. જ્યારે અંગ્રેજોએ શહીદ થયેલા આદિવાસીઓના શરીર ઉપરથી ઘરેણાં ઉતારી મૃતદેહને નજીકના કૂવામાં ફેંકી હત્યાકાંડને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આજ સુધી જલિયાવાલા બાગના હત્યાકાંડને ભૂલાવી દે તેવો પાલદઢવાવનો હત્યાકાંડ હોવા છતાં તેની ઈતિહાસના પાના ઉપર યોગ્ય રીતે નોંધ લેવાઈ નથી. રાજ્ય સરકારે ત્યાં સ્મારક બનાવ્યું છે અને એક શહીદ વન પણ ઉભું કરવામાં આવ્યું છે. વર્તમાન પેઢી આઝાદીનો જશ્ન મનાવી રહી છે પરંતુ આઝાદી મેળવતાં રાજ્યના આદિવાસીઓએ પોતાના પ્રાણની આહૂતિ આપી હતી તેની પૂર્ણ સમજ વર્તમાન પેઢીને આપવામાં આવશે તો પણ આઝાદી પર્વની તે સાચી ઉજવણી ગણાશે.

# પ્રાંતિજ હાઈસ્કૂલ તથા પ્રાંતિજનું ગૌરવ



પ્રાંતિજ તા ૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે શિક્ષણ શ્રેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષક નમ્હેશ ભાઈ સી.પટેલ ની પસંદગી થતા શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ, સાબરકાંઠા જિલ્લો, પ્રાંતિજ સહિત તાલુકાનુ તથા સમાજનુ નામ રોશન કર્યુ છે તો તેવોને રાજય સરકાર દ્વારા શિક્ષક દિન ને પારિતોષિક એવોર્ડ આપી સન્માનિત કરવામા આવશે.